## ધ્યાન દોરતી સૂચના સંબંધમાં રીત (નિયમ-૧૧૬)

(પહેલાં સચિવ સભ્યનું નામ પોકારે છે.)

સૂચના આપનાર સભ્ય:- "માનનીય અધ્યક્ષશ્રી, હું નિયમ-૧૧૬ અન્વયે નીચે જણાવેલી તાકીદની જાહેર અગત્યની બાબત પર **માનનીય આરોગ્ય મંત્રીશ્રીનું** ધ્યાન દોરું છું. અને તેમને તે સંબંધી નિવેદન કરવાની વિનંતી કરું છું.

(અહીં તેઓ સૂચનામાં જણાવેલી બાબત વાંચે છે)

તાજેતરમાં પાટણ જિલ્લાના રાધનપુરમાં આવેલ માણેકલાલ નાથાલાલ વખારીયા સર્વોદય આંખની હોસ્પિટલમાં મોતિયાના ઓપરેશન માટે દાખલ થયેલ દર્દીઓના ઓપરેશન બાદ ૭ જેટલા દર્દીઓને અંધાપાની અસર થઇ છે. તેના કારણે ઓપરેશન માટે દાખલ થયેલ તમામ દર્દીઓ અને તેઓના પરિવારજનોમાં હોસ્પિટલ તંત્ર સામે રોષ અને ભયની લાગણી ફેલાયેલ છે, તે દૂર કરવા સરકારે લીધેલાં કે લેવા ધારેલાં પગલાં.